## ગાંધીનગર મને ગમે છે...



**ભીખુદાન ગઢવી (લાકગાયક)**

મેં કીધુ ગાંધીનગર આવી ગયું... ત્યારે સુંદર શબ્દોમાં મારો મિત્ર બોલ્યો ગાંધીનગર તો અહીંયા જ હતું પણ આપણે આવી ગયા. મેં કીધુ મને વ્હાલુ મારુ પ્યારુ ગાંધીનગર. મિત્ર આજ ગાંધીનગરમાં મારા મોટાબેન રહે અને જ્યારે જ્યારે ગામડે આવે એટલે કેતા કે મને ગાંધીનગર બહુ ગમે છે. ત્યારે એવું થતું કે આપણે ક્યારે જઈશું. માતાજીને કરવું ને મારે આકાશવાણી ઉપર જવાનું થયું એટલે મારા બાપુએ કીધુ કે બોનના ઘરે થઈને જજે, જીજાજી તારી સાથે અમદાવાદ આકાશવાણી પર આવશે. બસ પછી તો મનમાં વસેલુ ગાંધીનગર-પ્રેસ-બસ-એસટી સ્ટેન્ડ ઉતર્યા પછી એમ થયું આ તો ખૂબ રળીયામણું. મારા જીજાજીની સાયકલ પર બેસીને ઘરે લાવ્યા. સે. ૨૮ છ-ટાઈપમાં અને તે દિવસથી અહીંયા જ રહેવાય બસ. હું ગાંધીનગરમાં ૩૬ વર્ષથી રહુ છું. મજાની વાત ગાંધીનગરથી બહાર એટલે બીજે ગામ, શહેર, રાજ્ય, વિદેશ જઈએ તો ગાંધીનગર ખૂબ જ યાદ આવે. ગાંધીનગર મને ગમે છે અહીં સેક્ટરે-સેક્ટરે સુંદર સુવિધા ઉપલબ્ધ છે. અહીં અતિ આધુનિકતા પણ નથી અને સાવ ગામડુ પણ નથી. મને મારા કલાકાર મિત્રો બહારથી આવતા હોય ત્યારે પૂછે કે બે ત્રણવાર આવ્યા પણ ભુલુ પડાય છે. ત્યારે હું કહું કે ભુલા પડ્યા આવે છે પછી ઠીક અહી ઘણા બધા કામદારો આવે ને પછી અહી જ દ્વારકા એમ કહી છાપરૂ બનાવી જ દે... બસ પછી પૂછો તો... ગાંધીનગર જ રહું છું. ગાંધીનગરે ઘણુ બધુ મને આપ્યું છે હું મૂળ ઈડરનો પણ ક્યા ભીખુદાનભાઈ તો બધા કહે ગાંધીનગરના... હું ઘણીવાર હસતા હસતા કહેતો હોઉ તમે ગાંધીનગરના- અરે ભાઈ ગાંધીનગરનું કોઈ નઈ અને ગાંધીનગર પણ કોઈનું નઈ.

એક ગીત મારૂ :-

જ્યાં ઝાંડ છે વનરાજી,
જ્યાં સૌની સુધરે બાજી
જ્યાં સૌ રહેતા થઈ
રાજી, આ પાટનગર છે
ગાંધીનગર છે - એની
વાત કરૂ છું જાજી.
અહીં જે કોઈ આવે
ગૌરવ પાવે, ભૂખ જાય છે
ભાગી
અહી જોગી ભોગી
વૈરાગી છે, કંઈક રહે છે ત્યાગી
અહી સેક્ટર કેરા ફેક્ટર
જાજી, જનગણમન રહ્યુ ગાજી
-એની વાત કરુ શું જાજી.

# સચિવાલયની મહિલા કર્મયોગીઓ દ્વારા મહિલાદિનની ભવ્ય ઉજવણી

**સરકારી કચેરીઓમાં જાણે કોઈ પ્રસંગ હોય તેમ મહિલાઓ સજી-ધજીને આવી હતી : મહિલા સન્માનના કાર્યક્રમો શાખાવાઈઝ અને કચેરીઓમાં યોજાયા : પીઝા-કેક-ચોકલેટની પાર્ટીઓમાં મહિલાઓએ આનંદ કર્યો**

ગાંધીનગર, તા. ૮

મહિલા દિનની ઉજવણીમાં નવા-જૂના સચિવાલય અને વિધાનસભાની મહિલાકર્મીઓ જોડાઈ હતી. જાણે કોઈ પ્રસંગ હોય તેમ મહિલા અધિકારીઓ-કર્મચારીઓ સજી-ધજીને આવી હતી. ક્યાંક મહિલા સન્માનના કાર્યક્રમો યોજાયા હતા તો ક્યાંક ખાણી-પીણીની પાર્ટીઓનું આયોજન કરી મહિલાઓએ મહિલા દિનની ઉજવણીનો આનંદ માણ્યો હતો.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીમાં શહેરની મહિલાઓ ઉલ્લાસભેર જોડાઈ હતી. વિવિધ સંસ્થાઓ દ્વારા મહિલા સન્માનના કાર્યક્રમો ઠેર ઠેર યોજાયા હતા. સરકારી કચેરીઓમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી ખૂબ જ ઉલ્લાસભેર કરવામાં આવી હતી. મહિલાઓએ પોતીકા દિવસની અનોખા અંદાજમાં ઉજવણી કરી હતી. નવા અને જૂના સચિવાલયની મહિલા કર્મયોગીઓ સજી-ધજીને આવી હતી. મોટાભાગની મહિલાઓએ પરંપરાગત સાડી પહેરી હતી અને શણગાર સજ્યો હતો. કચેરીઓમાં ક્યાંક નાના પાયે તો ક્યાંક મોટા પાયે મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાખાવાઈઝ અને કચેરીવાઈઝ મહિલા સન્માનના કાર્યક્રમો યોજાયા હતા. નાની-મોટી પાર્ટીઓના આયોજનો પણ થયા હતા. મહિલાઓએ એકત્ર થઈ કેન્ટીનમાં અથવા તો ઓફિસમાં ચા, આઈસક્રીમ અને પીઝા પાર્ટી યોજી હતી. ઉચ્ચ મહિલા અધિકારીઓ પણ ઉજવણીમાં જોડાયા હતા.



વિધાનસભાની મહિલા કર્મચારીઓ અને અધિકારીઓએ વિધાનસભા અધ્યક્ષની મુલાકાત યોજી હતી અને તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી. મહિલા અધ્યક્ષાએ તમામ મહિલા કર્મયોગીઓને મહિલા દિનની શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમની કામગીરીને બીરદાવી હતી.

મહિલાઓએ આખો દિવસ ખૂબ જ આનંદ ઉલ્લાસ કર્યો હતો. ક્યાંક ક્યાંક ફોટોસેશન થતાં પણ જોવા મળ્યા હતા. મહિલા દિનની ઉજવણીના પગલે સમગ્ર સચિવાલય પરિસર જીવંત બની ઉઠ્યું હતું.

# શાળાના બાળકોમાં વધતી દૃષ્ટ્રીની સમસ્યા ગંભીર છે

**ગાંધીનગરના જાણિતા આંખના સર્જન ડો. તેજલ દલાલ દ્વારા નિઃશુલ્ક ''માયોપિયા કંટ્રોલ'' પ્રોગ્રામનું આયોજન : ૫ થી ૨૨ વર્ષના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કેમ્પનું આયોજન : સ્માર્ટફોનથી આંખની સમસ્યાઓ વધતા માયોપિયા કંટ્રોલ પ્રોગ્રામનું આયોજન**

ગાંધીનગર, તા. ૮

શહેરના ઓફલાઈન શાળાઓ શરૂ થઈ છે ત્યારે એક ચિંતાજનક બાબત સામે આવી



રહી છે. શાળામાં વર્ગખંડમાં બાળકોને દૃષ્ટિની સમસ્યા સતાવી રહી છે. વર્ગખંડમાં લખેલા લખાણને બાળકો સ્પષ્ટપણે જોઈ શકતા નથી, જે ખૂબ જ ગંભીર વિષય કહેવાય. આશરે ૧૦૦ વિદ્યાર્થીએ ૪૦ વિદ્યાર્થીઓ આ બિમારીમાં સપડાય છે. બાળકોને આંખના નંબરો આવી રહ્યા છે. મોટાભાગના બાળકોને માઈનસમાં નંબરો છે. બાળકોને દૂરની વસ્તુ, વ્યક્તિ કે અક્ષરો જોવામાં તકલીફ પડે છે. ધુંધળું દેખાય છે, અથવા દૂરનું સદંરત દેખાતું જ નથી. આ સમસ્યાનું મુખ્ય કારણ સ્માર્ટ ફોનનો બહોળો ઉપયોગ છે. આ બિમારીને 'માયોપિયા'ની સમસ્યા કહેવાય છે.

ગાંધીનગરમાં તેજ આઈ સેન્ટરના ડૉ. તેજલ દલાલે આ સમસ્યા અને બિમારી વિશે જણાવતા કહ્યું હતું કે બાળકોને માયોપિયાની

**ડો. તેજલ દલાલે શહેરના ૫ વર્ષથી ૨૨ વર્ષના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક માયોપિયા કંટ્રોલ પ્રોગ્રામનું આયોજન કર્યુ છે. જેમાં દર અઠવાડિયે મંગળવારે અને શુક્રવારે સાંજે ૪ થી ૬ વાગ્યે આ કેમ્પ યોજાશે. જેના માટે ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેમાં આંખની કોઈ પણ સમસ્યાની સારવાર, માઈનસ નંબર માટે થેરાપી મશીનો વડે, ચેકઅપ આઈ ડ્રોપ્સ, આંખના નંબરની ચકાસણી વિગેરે કરવામાં આવશે. આ ઉપરાંત રેટિના, ટીટમસ ફ્લાયર ટેસ્ટ, રેસ્ટિનોસ્કોફી સહિત તમામ આંખની સમસ્યાઓ માટે ૫ થી ૨૨ વર્ષના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક સારવાર કેમ્પનું આયોજન કરાશે. જેનો લાભ લેવા મોટી સંખ્યામાં રજિસ્ટ્રેશન થાય તેવું ડો. તેજલ દલાલ ઈચ્છી રહ્યા છે.**

સમસ્યા મોટા પ્રમાણમાં થઈ ગઈ છે. સતત બે વર્ષથી વધારે ઓનલાઈન શિક્ષણકાર્ય હોવાથી બાળકો સતત સ્માર્ટફોનમાં રચ્યાપચ્યા રહેતા હોવાથી આંખની સમસ્યાઓ થઈ રહી છે. દર દસ વિદ્યાર્થીઓમાંથી આઠને માયોપિયાની બિમારી થઈ છે. પાંચથી બાર વર્ષની વયજૂથના બાળકોની આંખો સ્માર્ટફોનના વપરાશને કારણે ક્ષતિગ્રસ્ત થઈ રહી છે. તેમણે તો એટલે સુધી કીધુ છે કે જો સ્કૂલના દરેક વિદ્યાર્થીની આંખની તપાસ કરાવવામાં આવે તો દરેક બાળકને દૃષ્ટિની સમસ્યા જોવા મળશે. જે ખૂબ આંચકાજનક કહી શકાય.

ડૉ. તેજલ દલાલ બાળકોને સ્માર્ટફોનમાંથી બહાર લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવા માંગે છે. જેમાં બાળકોને શાકભાજીના છોડવા ઉછેરવાની વાત કરી રહ્યા છે. આ શાકભાજીના છોડવા ઉછેરતા ઉછેરતા બહારની દુનિયામાં રહેતા શીખશે અને સૂર્યપ્રકાશ તેમને મળશે. આજના બાળકો બહારની દુનિયામાં ઓછા અને ઘરમાં સ્માર્ટ ફોનમાં વધારે જોવા મળે છે તેથી અલગ પ્રવૃત્તિઓ થકી બાળકોને બહારના જીવનમાં લાવવા માંગે છે. આપણી સંસ્કૃતિ મુજબ પરિવાર સાથે ડાઈનિંગ ટેબલ પર એક સાથે ભોજન લેવાની પ્રેરણા આપી



રહ્યા છે. બહારના દેશોમાં મોટા ભાગના માણસો એકલવાયુ જીવન જીવી રહ્યા છે. પરિવાર સાથે ભોજન કરવાની પરંપરા માત્ર ભારતીય સંસ્કૃતિમાં જોવા મળતી હોય છે. અને આ પાશ્ચાત સંસ્કૃતિના કારણે આપણો સમાજ તેને અનુસરવા જઈ રહ્યો છે જે ન થવું જોઈએ. હંમેશા પરિવારની સાથે મોબાઈલ, ટીવી સાઈડમાં અને સહ પરિવાર ભોજન ગ્રહણ કરવું જોઈએ. બધાની માનસિકતા ધીમે ધીમે બદલાઈ રહી છે. માણસો એકલા એકલા રહેવામાં અને પરિવારથી દૂર થવાની માનસિકતામાં જોવા મળે છે જે ન થવું જોઈએ. કોરોના મહામારીમાં ઘણું બધું શીખવા મળ્યું હતુ. આપણો પરિવાર જ આપણું જીવન છે. ગાંધીનગરમાં રહેતા માતા-પિતાએ પોતાના બાળકો પ્રત્યે સાવચેતીના ભાગરૂપે આ કેમ્પનો અવશ્ય લાભ લેવો જોઈએ અને સ્માર્ટફોનનો ઉપયોગ કરતા બાળકોને રોકવા જોઈએ. આ સાથે જ શહેરની તમામ શાળા-કોલેજના ૫ થી ૨૨ વર્ષના બાળકો અને વિદ્યાર્થીઓએ ફરજિયાત માયોપિયા કંટ્રોલ પ્રોગ્રામમાં રજિસ્ટ્રેશન કરાવવુ જોઈએ. આ અંગે વધુ માહિતી માટે ૭૫૭૫૦૦૩૭૨૨, ૭૨૨૮૯૧૮૫૦૦ નંબર પર સંપર્ક કરવો.

## બાલા હનુમાનજી મંદિર, સે. ૨ ખાતે ૧૫ માર્ચે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૮

બાલા હનુમાનજી મંદિર, સેક્ટર-૨ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૧૫ માર્ચે રાત્રે ૭.૩૦ કલાકે અશ્વિન પાઠકના કંઠે યોજાશે. સર્વે ભાવિ ભક્તોને જાહેર આમંત્રણ પાઠવ્યું હતું.

## શ્રી બારા બાવન મોઢ બ્રાહ્મણ ''મિત્ર પરિવાર'' પગપાળા સંઘ

ગાંધીનગર, તા. ૮

શ્રી બારા બાવન મોઢ બ્રાહ્મણ 'મિત્ર પરિવાર' દ્વારા અમદાવાદથી મોઢેરા ૩૧ મા પગપાળા સંઘે ત્રણ દિવસની પદયાત્રા પૂર્ણ કરી મોઢેરા પહોંચી ધજા આરોહણ કર્યુ હતુ. સંઘની ધજા સ્થાપન તેમજ પૂજન અને ગરબાના આયોજનમાં પ્રસ્થાન વખતે ઉતારા ઉપર મોઢેશ્વરી ઊર્ફે માતંગી મંદિર દેવસ્થાનના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી યાત્રીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

# શહેરના બજારોમાં હારડાની હારમાળાનું હોળી પૂર્વે આગમન

ગાંધીનગર, તા. ૮

શહેરમાં હોળીના પાવન પર્વની તૈયારીઓ થઈ રહી છે. હોળીના દિવસે હોલીકા દહન બાદ મામાના ઘરેથી હારડાની હારમાળાઓ આવી હોય તેની હોય જ છે જેમાં હોળીના પર્વમાં ગળપણમાં હારડા, ખજૂરને પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે જેનું




માર્કેટમાં હોળી નિમિત્તે અવનવી ચીજવસ્તુઓનું વેચાણ શરૂ થઈ ચુક્યુ છે. જેમાં હોળીમાં હારડા પણ બજારોમાં દેખાઈ રહ્યા છે. શહેરમાં હોળીના તહેવાર પૂર્વે હારડાઓની હારમાળા આવી ગઈ છે. જેનો ભાવ આ વર્ષે ઉંચો છે. ૮૦ રૂપિયા કિલોના ભાવે હારડાનું વેચાણ ચાલી રહ્યું છે. આપણી ભારતીય સંસ્કૃતિની અદ્‌ભૂત વિશિષ્ટતા છે દરેક તહેવારમાં વિશિષ્ટ આહારની મિજબાની માણવામાં આવતી હોય પ્રસાદી વેચાતી હોય છે.

મધ મીઠા આ હારડા નાના બાળકોને અતિપ્રિય લાગે છે. ટોપરામાંથી પણ હારડાની બનાવટ થાય છે. સફેદ રંગના આ હારડાને વચ્ચેથી દોરીમાં ભરાવીને હારમાળા તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ દુકાનોમાં આ હારમાળાઓના ઝૂમખા લગાવીને વેચાણ થતુ હોય છે. દરેક તહેવારમાં મીઠાઈ અને ગળપણવાળી ખાવાની વસ્તુઓ તો બજારોમાં આગમન થઈ ચુક્યુ છે. મોંઘવારીનો માર હોળીનાં પર્વને ફીકો કરી શકે તેમ લાગી રહ્યું છે. દરેક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ રહ્યો છે. જેમાં આ વર્ષે હારડા, ખજૂર, ધાણીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. કહેવાય છે કે આ હારડાને જેમના ઘરે પહેલુ સંતાન આવે છે તેઓ હારડાને વહેંચીને ખુશી વ્યક્ત કરતા હોય છે. અને હોળીની ઉજવણી કરવામાં આવે છે.

# સે. ૩ ન્યુ ખાતે પોસ્ટ ઓફિસની સુવિધા આપવા અમિત શાહને રજુઆત

ગાંધીનગર તા.૦૮

સેક્ટર-૩ ન્યુમાં પોસ્ટ ઓફિસની સુવિધા ના હોવાને કારણે સેક્ટરના વડીલોને છેક સે.૬ સુધી લાંબા થવું પડી રહ્યું છે. વળી, બાજુમાં સેક્ટર-૩ પણ વિશાળ વસ્તી ધરાવતું સેક્ટર હોવા છતાં ત્યાં પણ પોસ્ટઓફિસની સુવિધા નથી એ કારણે મોટી સંખ્યામાં નાગરિકોને પોસ્ટ ઓફીસની સેવાઓ બાબતે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે જેને અનુલક્ષીને સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા હવે ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાંસદ તથા દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહને લેખિત રજુઆત કરવામાં આવી છે.

સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ કરેલી આ રજુઆતના સંદર્ભે તેમણે જણાવ્યું હતું કે "અમારા સેક્ટરમાં નવી પોસ્ટ ઓફિસની સગવડ ઊભી થાય તો આજુબાજુના સેક્ટરના વસાહતીઓ પણ તેનો લાભ લઈ શકે તેમ છે. આ સુવિધાને પગલે અનેક નાગરિકોના બિનજરૂરી ભાડા ખર્ચ નો બચાવ થશે તેમજ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને તેમજ આ વિસ્તારના તમામ સેક્ટરના વિદ્યાર્થીઓને પડતી હાલાકીમાંથી મુક્તિ મળશે. વળી, નજીકમાં જ આરટીઓ કચેરી તથા ઈન્ફોસિટી અપ જેવા મહત્ત્વનાં સ્થાનો આવેલા હોવાથી અહીંના મુલાકાતીઓને પણ વારંવાર પોસ્ટ ઑફિસની સેવાઓની જરૂર પડતી હોય છે. પાટનગરના આયોજન અનુસાર સેક્ટર-૩ન્યુમાં નકશામાં પણ પોસ્ટ ઓફિસ માટે જગ્યા ફાળવેલી છે તો અહીં કાયમી ધોરણે પોસ્ટઓફિસને મકાન ફાળવવામાં આવેલ નિર્ણય લેવા તમે આપણા સાંસદ અમિતભાઈ શાહ સમક્ષ લેખીત રજુઆત કરી છે."



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે લેકાવાડાની ચૈતન્ય સ્કૂલના એલિજાબેથ કોપી અને આમ આદમી પાર્ટીના કાર્યકર ડૉ. હાર્દિક તલાટી દ્વારા સેક્ટર-૩માં રહેતા મહિલા ઉર્વશીબેન ભરતકુમાર જાનીએ સિલાઈ મશીન ભેટમાં આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીમાં ઉર્વશીબેન જાનીએ તેમના પતિ ગુમાવ્યાં હતા તેથી તેમની આજીવિકા માટે આ મશીનની ભેટ આપવામાં આવી છે.

## સાગર અકાદમી દ્વારા પાલ-દઢવાવ હત્યાકાંડ પર શ્રદ્ધાંજલિ આપતું નાટક ભજવાયું

ગાંધીનગર, તા. ૮

સાગર અકાદમી કલા સંસ્થા દ્વારા સાબરકાંઠા જિલ્લા વહીવટીતંત્રના ઉપક્રમે વિજયનગરના પાલ ખાતે ૭ માર્ચ ૧૯૨૨ના રોજ સો વર્ષ પહેલા બનેલા ગોજારા હત્યાકાંડનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સાગર અકાદમી કલા સંસ્થા, હિંમતનગર નિર્મિત અને ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર ભરત વ્યાસ દ્વારા સંકલન અને દિગ્દર્શન કરેલું નાટક ''નમન હો શહીદોને નમન હો'' કલાકારો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.




**શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજમાં ફન વીકની ઉજવણી**

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીમાં ફેબ્રુ. ૨૪ થી ૪ માર્ચ સુધી ફન વીકની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જુદા જુદા દિવસોની ઉજવણી કરી હતી. ગ્રુપ ડે, પ્રોફેશનલ ડે, રેટ્રો ડે, બ્લેક એન્ડ વાઈટ ડે, ટ્રેડિશનલ ડે વિગેરે. આ કાર્યક્રમના અંતે વેલિ ડિક્ટરી ફંકશનમાં વિજેતાઓને ઈનામો અને સર્ટીફિકેટ આપ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર રવિકુમાર, સંસ્થાના પ્રિન્સીપાલ ધર્મેશકુમાર તથા સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

# શહેર-જિલ્લામાં કોરોનાના નવા પાંચ કેસ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાના નવા પાંચ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં ૩ અને ગ્રામ્ય વિસ્તારમાં બે કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં થઈ રહેલ ચડાવ-ઉતારની સ્થિતિ તંત્રને મુંઝવી રહી છે. જિલ્લામાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રો જણાવે છે કે છુટા છવાયા કેસો મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૩ કેસ નોંધાયા છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા ૩ કેસમાં બે દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. ત્રણેય પુરૂષ દર્દી છે.

શહેરમાં આજે રાંદેસણ, કુડાસણ અને સે. ૫ માંથી કેસ મળી આવેલ છે. કુડાસણમાં ૯૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છેલ્લા થોડાક સમયથી સિનીયર સીટીઝનો કોરોનાની ઝપેટમાં આવી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કોરોનાનો રિકવરી રેટ ૯૪ ટકાને પાર થઈ ગયો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે ૧૫ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ ગાંધીનગર તાલુકાના અડાલજમાં નોંધાયા છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લા અને શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.